મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૧૦૦ ટકા
ગાંધીનગર તાપમાન

આદિવાડા, સે-૨૭ના આનંદનગરમાં પાણી ભરાયા

સે-૨૨ સહિત રોડ નં. ૭ પર ભુવાઓ પડ્યા : ફૂટપાથો બેસી ગઈ : પંચદેવ મંદિર પાસે જ ભુવાઓ પડ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં ગઈકાલે થયેલ વરસાદને કારણે શહેરના લગભગ ઘણા બધા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. આદિવાડા, સે. ૨૭, સે. ૨૨, સે. ૬ સહિત ઘણા બધા વિસ્તારોમાં હજુ પણ પાણી ભરાયેલા છે.

આજે બપોરે ચાર વાગ્યે આદિવાડાના નીચાણવાળા વિસ્તારોમાં પાણીના નિકાલની કામગીરી માટે સ્થાયી સમિતિના ચેરમેન અને આ વોર્ડના કાઉન્સીલર દેવેન્દ્રસિંહ ચાવડા મનપાના અધિકારીઓની ટીમ સાથે પહોંચ્યા હતા.

સે. ૨૭ના આનંદનગર વિસ્તારમાં પણ પાણી ભરાઈ જવા પામ્યા હતા. રોડ નં. ૭ પર પાણી ભરાયેલા રહેતા વાહન-વ્યવહાર પર તેની અસરો જોવા મળતી હતી.

સે. ૨૭માં પણ ભુવાઓ મોટી સંખ્યામાં પડતાં લોકોમાં ભયની લાગણી પ્રસરી જવા પામી હતી.

સે. ૨૨માં પંચદેવ મંદિરની સામે બનાવાયેલી ફૂટપાથ પણ તુટી જવા પામી છે તેમજ ફૂટપાથ નીચે કરાયેલ વરસાદી પાણીની ગટર પણ ખુલી ગઈ હતી. પંચદેવ મંદિરની આસપાસ પણ ભુવા પડી ગયા હતા જેથી સવારે મંદિરમાં દર્શન માટે જતા દર્શનાર્થીઓમાં આ ભુવાઓ ચર્ચાનો મુદ્દો બન્યા હતા.

સે. ૨૨માં પંચદેવ મંદિરની પાછળના ગ્રાઉન્ડમાં પાણીનો ભરાવો થઈ ગયો હતો. ગઈકાલે રાત્રે વરસાદને કારણે પંચદેવ મંદિરથી ઝોનલ ઓફિસ જવાના રસ્તા પર પાણીનો ભારે ભરાવો થતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

ગુરૂકુળ હોસ્ટેલની પાછળનો ભાગ જે આયુર્વેદ હોસ્પિટલથી ઝોનલ કચેરી જવાનો માર્ગ છે ત્યાં પણ વરસાદી પાણી ફરી વળ્યા હતા. આ રોડ પર છ ટાઈપના મકાનોની આગળ મોટા મોટા ભુવા પડી ગયા હતા.

છ-ટાઈપ પાસેના ભુવામાં તો આજે એક કુતરૂ પણ ફસાઈ ગયુ હતુ. 'ચ' ટાઈપ અને વાસ્તુનિર્માણની સામેની લાઈનમાં પણ ભુવાઓથી વસાહતીઓ ત્રાહિમામ બની ગયા છે. ચ-ટાઈપના રહીશોએ તો તેમના વાહનોને ફૂટપાથ પર પાર્ક કરવાની ફરજ પડી હતી.

જૈન દેરાસરથી પંચદેવ મંદિર તરફ જવાના માર્ગ પર પણ ભુવો પડ્યો હતો તો વરસાદી પાણી ભરાઈ જવાને કારણે વસાહતીઓને અવરજવરમાં પણ હાલાકી પડી હતી.

શહેરના સે. ૨૭માં પાણી ભરાઈ જવા ઉપરાંત સે. ૨૪માં પણ વરસાદી પાણીની સમસ્યાને કારણે લોકો ભારે હાલાકીમાં મુકાયા હતા. સે. ૨૩માં પણ વરસાદી પાણી ભરાઈ રહેવા પામ્યા હતા.

સે. ૪, ૬ અને ૩માં પણ પાણી ભરાઈ રહેવાની ઘટનાઓ સામે આવી છે. વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે ચોમાસા પૂર્વે તંત્રએ બહુ જોરશોરથી ગાઈ-વગાડીને વાતો કરી હતી પરંતુ બે વરસાદમાં જ આ વાતો હવામાં ઓગળી જતાં લોકોમાં રોષની લાગણી જન્મી છે. તંત્ર દ્વારા નબળી કામગીરીનું અસરકારક મોનીટરીંગ ન કરવામાં આવ્યાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

આજે ગાંધીનગરમાં

ધાર્મિક

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન સુકામેવાના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન પુષ્પકુંજ હિંડોળાના દર્શન યોજાશે.

● પંચદેવ મંદિર સે-૨૨ ખાતે સાંજે ૬ થી ૯ દરમિયાન સાવન-ભાદો હિંડોળાના દર્શન યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા ચિરાગભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૫૯૬/૯, છ ટાઈપ સે-૨૧ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવ રૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા તુષારભાઈ રાવલના નિવાસસ્થાન સે-૩૦, શાંતિવન સોસાયટી ખાતે સવારે ૯ કલાકે લઘુરૂદ્રાભિષેક યોજાશે.

● રામધામ વાડી ખાતે સવારે ૬ થી સાંજના ૮ કલાક દરમિયાન ૧૧૧૧ નંગ કેળાનો હિંડોળો તથા બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દેવી ભાગવત કથા યોજાશે.

● રંગ અવધૂત પરિવાર દ્વારા દત્ત મંદિર સે-૨૮ ખાતે સાંજે ૮.૧૫ કલાકથી ઉપેસભાઈ ભટ્ટ દ્વારા શિવમહિમ્ન સ્ત્રોતથી અભિષેકાત્મક લઘુરૂદ્ર યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા નવિનભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૬૧૭/૧, કિસાનનગર ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયન શિવપૂજા અને મહિમ્ન પાઠ યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૧૩ દ્વારા પોલો ફોરેસ્ટ પ્રવાસ યોજાશે.

સામાજીક અને સાંસ્કૃતિક

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પ્રસન્નતાના પચ્ચીસમા વર્ષ અંતર્ગત સવારે ૯ થી ૧૧.૩૦ દરમિયાન જયનારાયણ વ્યાસ અને ભાગ્યેસ જહાનું વકતવ્ય સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાશે.

● સંસ્કાર ગ્રૂપ દ્વારા વૃક્ષને સુશોભિત કરી ગ્રૂપના બાળકો દેશ ભકિતના ગીત ગાશે તથા ગ્રૂપની દરેક દીકરીઓ દ્વારા વૃક્ષને રાખડી બાંધવાનો કાર્યક્રમ સાંજે ૬.૩૦ થી ૭ કલાક દરમિયાન સે-૭ બગીચામાં યોજાશે.

● કેસરીયો રંગ અંતર્ગત સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન પ.પૂ. ઉદયવલ્લભસૂરિજી મ.સા. દ્વારા સે-૨૨ જૈન દેરાસર ખાતે પ્રવચન યોજાશે.

ચક્ષુદાન

અંગદાન મહત્વનું દાન ગણવામાં આવે છે ત્યારે ૬૨ વર્ષની ઉંમર ધરાવતા ગાંધીનગર નિવાસી સજ્જનબા જસવંતસિંહ રહેવરનું ચક્ષુદાન તેમના કુટુંબીજન જશવંતસિંહ અર્જુનસિંહ રહેવરની સંમતિથી કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં ડૉ. વેલુ, ડૉ. પ્રિયંકા તેમજ દિલીપભાઈ દંતાણીએ સેવા પુરી પાડી હતી.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **જબરીયા જોડી**
૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
● **ચિકન કરી લો!**
૧૦.૨૦ રાત્રે
● **પ્રણામ**
૧.૪૦ બપોરે
● **સુપર-૩૦**
બપોરે ૩.૩૫, રાત્રે ૧૦.૦૦
● **ચાસણી (ગુજરાતી)**
બપોરે ૧૨.૪૫
● **કબીરસિંગ**
૧૦.૧૦ સવારે
● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૩-ડી હિન્દી ૧૧.૧૫, ૧.૦૦, ૨.૦૦, ૪.૫૦, ૭.૪૦, ૧૦.૩૦
૩-ડી અંગ્રેજી ૯.૧૫ રાત્રે
૨-ડી હિન્દી ૧૦.૦૦ સવારે
● **ધ લાયન કિંગ**
૧૦.૩૦, ૩.૫૦, ૬.૩૫, ૧૦.૩૦, ૩.૫૦, ૬.૩૫

સિટી પલ્સ કુડાસણ

● **જબરીયા જોડી**
૧૨.૩૦, ૩,૩૦, ૬.૩૦, ૧૦.૦૦
● **ચિકન કરી લો!**
૭.૦૦
● **પ્રણામ**
૨.૪૫, ૧૦.૧૫
● **ચાસની (ગુજરાતી)**
૯.૩૦ રાત્રે
● **સુપર-૩૦**
૬.૩૦ સાંજે
● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૨-ડી હિન્દી ૪.૦૦, ૯.૪૫
૨-ડી અંગ્રેજી ૧.૦૦
● **ધ લાયન કિંગ**
(૨-ડી હિન્દી) ૭.૦૦
● **કબિરસિંગ**
૩.૧૫ બપોરે
● **ખાનદાની શફાખાના**
૧૨.૩૦

પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● **જબરીયા જોડી**
૯.૧૫, ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૨-ડી હિન્દી ૧.૧૫, ૭.૦૦
૩-ડી હિન્દી ૧૧.૦૦, ૪.૪૫, ૧૦.૧૫
● **સુપર-૩૦**
૧૨.૧૫, ૬.૩૦
● **ચાસની (ગુજરાતી)**
૩.૩૦ બપોરે, ૯.૪૫ રાત્રે
● **ધ લાયન કિંગ**
(૩-ડી હિન્દી) ૨.૦૦ બપોરે, સાંજે ૭.૪૫
(૨-ડી હિન્દી) ૧૦.૩૦, ૪.૧૫, ૧૦.૦૦

માતૃછાયા નારી સંરક્ષણ ગૃહ દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૦

સ્વધાર ગૃહ 'માતૃછાયા' નારી સંરક્ષણ ગૃહ ગાંધીનગર ખાતે ઈશ્વરીય પરમપિતા બ્રહ્માકુમારી સંસ્થાન દ્વારા રક્ષાબંધનના પવિત્ર તહેવારની રાખડી બાંધીને ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે બ્રહ્માકુમારીઝ સંસ્થાના બી.કે. તેજસ્વીનીદીદી, બી.કે. ગીતાદીદી, બી.કે. મમતાદીદી અને બી.કે. ભરતભાઈ ઉપસ્થિત રહ્યા હતા જયારે સ્વધાર ગૃહના ચેરમેન શર્મિષ્ઠાબેન દવે, સરોજબેન દેસાઈ, દક્ષાબેન સોલંકી તથા નારીગૃહના નિવાસી અધિક્ષક જશોદાબેન, સંગીતાબેન તથા સ્ટાપ અને નારીગૃહની આશ્રિત બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ન્યુ પાલજમાં ઉભરાતી ગટરોથી રહીશો હેરાન

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેર નજીક આવેલા ન્યુ પાલજ ખાતે છેલ્લા કેટલાક સમયથી ગટરો ઉભરાતી હોવાના કિસ્સા સામે આવ્યા છે. એક તરફ ચોમાસાની ગંદકીકદાવ કિચડથી ગામ ખદબદી રહ્યું છે. તેમાં ગટરોના ઉભરાતા પાણીના કારણે ઠેરઠેર ખાબોચીયા ભરાયા છે. ગટરના પ્રશ્નોને લઈ રહીશોએ અનેકવાર તંત્ર સમક્ષ લેખિત તેમજ મૌખિક રજુઆત કરી છે તેમ છતા તંત્રના બહેરાકાને રહીશોની રજુઆત સંભળાતી નથી. ન્યું પાલજના એક રહીશના ઘર પાસે તો ચોમાસાનું પાણી ભરાયું હોય તેમ ગંદુ પાણી ભરાતા નાગરીકે ઘરમાં પુરાઈ રહેવાનો વારો આવ્યો છે. ત્યારે ગટરોના પાણી વચ્ચે રહીશો રહેવા માટે મજબુર બન્યા છે. ગંદા પાણીના ખાબોચીયાને પગલે મચ્છરોનો ત્રાસ વધતા રહીશો પણ હેરાન પરેશાન થઈ ગયા છે. મચ્છરોના ત્રાસને પગલે નાગરીકો શાંતિથી સુઈ પણ શકતા નથી, ત્યારે તેમના આરોગ્ય સામે ખતરો તોળાઈ રહ્યો છે. ગટરોના ગંદા પાણી માર્ગો પર ફરી વળતા નાગરીકોને તેમાંથી પસાર થવાનો વારો આવે છે. અતિશય દુર્ગંધને પગલે નાગરીકોએ મો પર રૂમાલ રાખવાની ફરજ પડે છે. ત્યારે પાલજ ગામમાં ઉભરાતી ગટરોનો ઝડપી યોગ્ય નિર્ણય આવે તેવી રહીશોની લાગણી અને માંગણી છે.

સેવાકીય ક્ષેત્રે અગ્રેસર એવી ગાંધીનગર લાયોનેસ ક્લબ દ્વારા નારદીપુરની મહિલા ગ્રામ વિદ્યાલયની હોસ્ટેલમાં રહેતી ૧૧૮ જેટલી વિદ્યાર્થીનીઓને હાઈજીન વિશે જાગૃતતા આવે અને પ્રદૂષણને વધતુ અટકાવી શકાય એ આશયથી સેનેટરી પેડ બનાવવા નવુ મશીન અને તેને ડીસ્પોઝ કરી શકાય તેવા મશીનનું અનુદાન કરવામાં આવ્યુ હતુ. ડૉ. પ્રતિભા આકવલે દ્વારા બહેનોને જાતે પેડ કેવી રીતે બનાવવા તેની તાલીમ આપવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીનીઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં મહિલા ગ્રામ વિદ્યાલયના પ્રિન્સીપાલ રીટાબેન દવે તથા લાયોનેસ ક્લબના મેમ્બર પલ્લવીબેન ગુપ્તેનો પણ પુરતો સહયોગ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમમાં લાયોનેસ ક્લબના પ્રમુખ દક્ષા જાદવ, સેક્રેટરી રીટા શાહ, પરાગીબેન પંડ્યા, કંચનબેન પ્રજાપતિ અને મમતાબેન ત્રિવેદી પણ ખાસ હાજર રહ્યા હતા.

ચ-૩ પાસે ટાટા સુમો પલટી મારી ગઈ

ગાંધીનગર શહેરના ચ-૩ પાસે આજે સાંજના સુમારે અચાનક પસાર થઈ રહેલી ટાટા સુમો ગાડી નં.જી.જે.૦૯.એ.એચ-૩૧૧૫ ના ચાલકે ગાડી પરનો કાબુ ગુમાવતા ગાડી પલ્ટી મારી ગઈ હતી. આ અકસ્માતને પગલે નાગરીકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

પેથાપુર તરપોજ વાસમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૦

પેથાપુર ગામ આવેલા તરપોજ ચકલાવાસમાંથી બાઈક ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. ચકલાવાસમાં રહેતા અટલખાન દાયમખાન બલોચ (૪૬ વર્ષ) મજુરી કામ કરી ગુજરાન ચલાવે છે.તા.૨૯ ના રોજ તેઓ પોતાનું જી.જે.૧૮.સી.ડી.૯૯૨૫ નંબરનું બાઈક ઘર પાસે પાર્ક કરીને સુઈ ગયા હતા. સવારે ૬ વાગે તેઓ ઉઠીને જોયું તો ઘર પાસે પાર્ક કરેલું બાઈક ગાયબ હતું. થોડા દિવસ પોતાની રીતે આસપાસના વિસ્તારમાં તપાસ આદરી હતી. પરંતુ બાઈક ન મળતા પેથાપુર પોલીસ મથકે બાઈક ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સે-૭-ડી ખાતે વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ સે-૭-ડી અને ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડી દ્વારા આગામી માસમાં સેકટર-૭-ડીના નિવૃત્ત અધિકારીઓ કે જેઓ ચાલુ વર્ષે તેમના જીવનમાં ૭૫ વર્ષ પુરા કરેલ હોય તેમના અમૃત મહોત્સવ પ્રસંગ નિમિત્તોનું સન્માન-અભિવાદન કરવાનું તેમજ સેકટર-૭-ડીના તેજસ્વી તારલાઓ કે જેઓએ સને ૨૦૧૯ના વર્ષમાં વાર્ષિક પરીક્ષામાં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ કરેલ ધો-૧ થી ૯ તથા ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે જેથી સે-૭-ડીના સર્વે સભ્યશ્રીઓને તેમના પુત્ર-પુત્રી/પૌત્રાદીઓનાં ગુણપત્રક બે નકલ જરુરી વિગતો સાથે ૩૧મી ઓગષ્ટ સુધીમાં પદાધિકારીઓ કે કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ સુમંતભાઈ શાહ મો. ૯૫૧૦૯૯૪૮૨૭, ભૂપતભાઈ ભૂતડીયા મો. ૯૪૨૪૩૮૨૬૫૦, ભકિતભાઈ કારીયા ટે.નં. ૨૩૨૨૭૬૫૧, મહેશભાઈ રાવલ ટે.નં. ૨૩૨૩૭૦૬૭ તથા મયુરભાઈ શાહ ટે.નં. ૨૩૨૨૬૮૬૨નો સંપર્ક કરવા સંસ્થાના પ્રમુખ સુમંતભાઈ શાહ દ્વારા જણાવાયું છે.

પેથાપુર બળીયાદેવ મંદિર પાસે જુગાર રમતા પાંચ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૦

પેથાપુર ગામે ખટાલીયા બળીયાદેવ મંદિર નજીક જુગાર રમતા પાંચ શકુનીઓને પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે દાવ તેમજ અંગજડતી મળીને કુલ રૂ. ૩૯૮૦ જપ્ત કરીને તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર પોલીસે બાતમીને પગલે પેથાપુર ગામમાં જ રહેતા જયેશ ઉર્ફે કાલુ મહેન્દ્રભાઈ (રાઠોડ વાસ), રમેશ ચંદુભાઈ સોનવા, (નવો વણકરવાસ), દિપક રેવનદાસ સાધુ (નવો વણકરવાસ), મહંમદ ફકીરભાઈ સીંધી (પેથાપુર છાપરા), મહેબુબ હુસેનભાઈ બેલીમ (ખટાલીયાવાસ) ને જુગાર રમતા રંગેહાથ પકડી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૩૯૮૦ રૂપીયા રોકડા જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાયન્ટસ ગ્રૂપ ઓફ ગાંધીનગર તથા દેલવાડા ગામ પર્યાવરણ બચાવો સમિતિ દ્વારા ૨૦૦૦ વૃક્ષો વવાયા

ગાંધીનગર, તા.૧૦

જાયન્ટસ ગ્રૂપ ઓફ ગાંધીનગર મેઈન/સાહેલી તથા દેલવાડા ગામ પર્યાવરણ બચાવો સમિતિ દ્વારા ૨૦૦૦ વૃક્ષના લક્ષ્યાંકની સામે અગાઉ ૧૬૦૦ વૃક્ષની વાવણી કર્યા બાદ વધુ ૪૪૧ વૃક્ષની વાવણી તા. ૬ ઓગષ્ટના રોજ કરી ૨૦૦૦ વૃક્ષ વાવવાનો લક્ષ્યાંક પૂર્ણ કરાયો છે અને દેલવાડા ગામના પાંચ રોડસાઈડ, પાંચ ગામ તળાવની બોર્ડર સાઈડે, જરૂરીયાતવાળી જગ્યાએ ૮૫ ટ્રી ગાર્ડ લગાવવામાં આવ્યા છે. માર્કેટમાંથી ખરીદી કરીને ૩૫૦ ટી ગાર્ડ લગાવાયેલ છે. તેમજ હજુ ૨૫૦ જેટલા ટ્રી ગાર્ડ લગાવવાનું આયોજન કરાયેલ છે. આ ઉપરાંત પાણીના ટેન્કરની તથા વૃક્ષના જતન માટે પગારદાર કર્મચારીનું આયોજન કરી આ ૨૦૦૦ વૃક્ષ ૧૦૦ ટકા ઉછરે અને ૧૦૦ ટકા પરીણામ મળે તેવું નક્કર આયોજન કાયમી વ્યવસ્થાના ભાગરૂપે કરવામાં આવ્યું છે. આમ પર્યાવરણ બચાવોના સૂત્રને ચરિતાર્થ કરી ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના આજુબાજુના ગામ લોકો આ કામગીરીથી પ્રરણા લઈ જોડાશે અને દેલવાડા ગામને ગ્રીનવીલેજ મોડેલ ગામ બનાવવાનો દઢ સંકલ્પ કર્યાનું જાટન્યસ વેલફેર ફાઉન્ડેશન ૩ સીના ઉપપ્રમુખ બી.એમ. પટેલ દ્વારા જણાવાયું છે.

મેડીકલ કોલેજ ગાંધીનગર ખાતે કાનુની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

જિલ્લા કાનુની સેવા સત્તા મડળ, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ સિવિલ હોસ્પિટલ સે-૧૨ ખાતે એક કાનુની શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજમાં નવા એડમિશન મેળવનાર ૨૦૦ વિદ્યાર્થી માટે સમગ્ર ઓગષ્ટ મહિના દરમિયાન ફાઉન્ડેશન કાર્યક્રમ યોજાય છે. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને અન્ય જરૂરી માહિતીઓથી માહિતગાર કરવા માટે શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈ દ્વારા તમામ પ્રથમ વર્ષના મેડીકલ કોર્ષમાં થતાં રેગીંગ અંગેની માહિતી તેને લગતા કાયદાઓ અને ગંભીર પ્રકારના રેગીંગમાં સજાના પ્રાવધાન અંગેની વિસ્તૃત જાણકારી પુરી પાડી હતી.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે પ્રો. ડો. અંકુર ઝાલાવાડીયા અને પ્રો. ડો.સુદર્શન ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા. કોર્ટના પીએલવી મનસુખભાઈ કોટેચા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કોલેજના ડિન ડૉ. શોભના ગુપ્તાની પ્રેરણાથી અને તેઓના માર્ગદર્શન હેઠળ યોજાઈ ગયેલ શિબિર એક સફળ કાર્યક્રમ રહ્યો.

ચિરવિદાય

- સ્વ. વાઘેલા જોત્સનાબેન દિલીપસિંહ, ઉ.વ. ૪૭
- સ્વ. ઠાકોર અમરાજી રામસંગજી, ઉ.વ. ૫૮
- સ્વ. રાઠોડ કાનસંગ બદસંગ, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર મોંઘીબેન બબાજી, ઉ.વ. ૭૨
- સ્વ. અનસુયાબેન કાલીદાસ પંડયા, ઉ.વ. ૭૮